# SHREE VASISHTHA VIDYALAYA-VAV

[ગુજરાતી માધ્યમ – દ્વિભાષી માધ્યમ]

**“મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનું પૂજન એટલે નવરાત્રી”**

**શુભ નવરાત્રી નિમિત્તે શુભ સંકલ્પ**

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग् भवेत्।।
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

# <u>નવરાત્રી પર્વ એટલે સંકલ્પ પર્વ</u>

સુજ્ઞ, વાલીશ્રી તથા વિદ્યાર્થીઓ...

વંદેમાતરમ્!

નવરાત્રી આવે એટલે સમગ્ર વાતાવરણ આસ્થા અને શ્રદ્ધાના રંગમાં રંગાઇ જાય છે. ચારે તરફ એક અનોખો ભક્તિભાવ જોવા મળે છે. ઘટસ્થાપના, દેવી સ્તુતિ, મધુર ઘંટડીઓના રણકાર, દીવાબત્તી- ધૂપની સુગંધ, નવ દિવસ સુધી ચાલતા આ સાધના ઉત્સવ નવરાત્રીનું જ એક ચિત્ર છે. આપણી સંસ્કૃતિમાં નવરાત્રીના તહેવારનું એક વિશેષ મહત્વ છે. નવરાત્રી પર્વમાં જો માતાની ઉપાસના કરવામાં આવે તો પરમ આનંદ મળે છે. આપણે જાણીએ છીએ કે કોઈપણ કાર્ય જો બધા એકત્ર થઈને કરીએ તો સમાજની એક્તા મજબૂત થાય છે. સમાજ સંગઠિત થાય તો રાષ્ટ્રીય એક્તા પણ મજબૂત થાય છે. તેથી માતાની ઉપાસના સામૂહિક રૂપે કરવાથી આનંદ મળે છે. કોઈપણ ઉપાસના હંમેશા શુભ સંકલ્પો વડે જ કરી શકાય છે. જો સંકલ્પ પરિપક્વ રીતે થાય તો જ ઉપાસના પરિપૂર્ણ થાય. આ શુભ અને પવિત્ર ઉત્સવને વધુ યાદગાર બનાવવા માટે શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવમાં ગુજરાતી માધ્યમ અને દ્વિભાષી માધ્યમનાં વિદ્યાર્થીઓમાં પણ શાળા દ્વારા એક નવા વિચારબીજનું આરોપણ કરવામાં આવી રહ્યું છે. શાળા દ્વારા આ નવલાં નોરતામાં વિદ્યાર્થીઓ નવ સંકલ્પો લઈને સમાજ અને દેશ માટે કૃતજ્ઞતા પ્રગટ કરીને ઈશ્વર પ્રત્યેની પોતાની ઉપાસના પ્રગટાવશે.

PTO

સંકલ્પશક્તિ અને પોતાની જાત ઉપરનો કાબુ કે સ્વંય -શિસ્ત લગભગ એક-બીજાના પૂરક છે એમ કહેવામાં કોઇ અતિશ્યોક્તિ નથી. જીવનમાં સફળતા માટે સંકલ્પ શક્તિનો ફાળો નાનો સુનો નથી. એ ઘણા ક્ષેત્રોમાં અનુભવ કરી શકીએ છીએ. સંકલ્પશક્તિ માત્ર ખાવા-પીવા, પહેરવા, ખરીદવા, બચત કરવા માટે જ આવશ્યક નથી પરંતુ જીવનના મહત્વના કાર્યો માટે, મોટા તો ઠીક પણ નાના કામ માટે ખૂબ આવશ્યક છે. કારણ કે નબળી સંકલ્પશક્તિને લીધે કેટલાક મહત્વનાં કાર્યો પાછળ ઠેલાતા જાય છે. નાની લાગતી બાબતો પછી વિકરાળરૂપ ધારણ કરે છે ત્યારે આપણે આમથી તેમ દોડધામ કરવા લાગીએ છીએ. એના કરતાં નિયમિત રૂપે તુચ્છ લાગતા નાના કાર્યો ને પણ પૂરા કરવાની ટેવ પાડવી જોઇએ જેથી મોટા કાર્યો સરળતાથી થઇ શકે. વિક્ટર હ્યુગોએ કહ્યું હતું કે લોકોમાં શક્તિ નથી એવું નથી પરંતુ એમનામાં સંકલ્પનો અભાવ છે.

તો જયારે સમગ્ર ભારતવર્ષ નવરાત્રીના પવિત્ર અવસરે મા દુર્ગાની ઉપાસના કરી રહ્યું છે. ત્યારે **સાંપ્રત વર્ષે વિક્રમ સંવત 2079 નાં આસો સુદ એકમ થી આસો સુદ નોમ, તારીખ:- 15/10/2023 ને રવિવારથી તારીખ 23/10/2023 ને સોમવાર સુધીનાં પવિત્ર દિવસો દરમિયાન શ્રી વસિષ્ઠ વિદ્યાલયના [ગુજરાતી માધ્યમ –દ્વિભાષી માધ્યમ]નાં બાળકો નવ સંકલ્પો થકી નવલા નોરતાં ઉજવશે...!**

**નોંધ :-**

**(1)** **નવરાત્રી નિમિત્તે નવ દિવસના જુદા જુદા નવ સંકલ્પ અને તેની વિગત અલગથી કાર્ડ શીટમાં બાળકને તા. 14/10/2023 ને શનિવારના રોજ આપવામાં આવશે.**

**(2)** **શાળામાં રોજ અલગ-અલગ સંકલ્પ વિશે બાળકને માર્ગદર્શન આપવામાં આવશે અને જરૂર જણાય ત્યાં ફોલઅપ પત્રક પણ આપવામાં આવશે. આ ફોલઅપ પત્રક બાળકે ભરવાનું રહેશે.**

**(3)** **વાલી મિત્રો બાળકને સંકલ્પ પર્વ માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે આપશ્રીને નમ્ર નિવેદન છે. જરૂર જણાય ત્યાં આપશ્રી બાળકને માર્ગદર્શન પણ આપશો તેવી અપેક્ષા છે.**

**(4)** **વિદ્યાર્થી મિત્રો "નવરાત્રી પર્વ એટલે સંકલ્પ પર્વ" ઉત્સાહથી ઉજવીએ અને વિવિધ સંકલ્પો જીવનમાં સ્થિર કરીએ.**

॥ કરિષ્યે વચનં તવ ॥

❖